છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

"We were not shaken awake by war or injustice across the world, nor did we listen to the cry of the poor or, of our ailing planet. We carried on regardless thinking that we would stay healthy in the world that is sick."

Flancis Pole, 2020

આ લખાય છે ત્યારે વિશ્વ એક એવી મહામારીમાં સપડાયું છે કે જેમાંથી બહાર નીકળવાનો રસ્તો હજી કોઈને જડ્યો નથી. કોરોના નામના વાઈરસે દુનિયાના ૧૮૦ કરતાં વધારે દેશોના ૧ કરોડ લોકોને સંક્રમિત કર્યા છે. આજ સુધીમાં આટલા બધા ટેસ્ટ કર્યા પછી પણ માત્ર ૧% વસ્તીનો ટેસ્ટ થઈ શક્યો છે. એટલે કે બાકીની ૯૯% વસ્તીમાં કોરોનાવાળા કેટલા છે, તે આપણે જાણતા નથી. ગમે ત્યારે કોરોનાવાળી વ્યક્તિ બીજી વ્યક્તિને સંક્રમિત કરી શકે છે. આ ભય પહેલા ૧૪ દિવસ વધારે છે. પણ પછી પણ આપણે સાવ ભયમુક્ત થતા નથી. ભારતની વાત બાજુએ રાખીએ તો પણ દુનિયાના કોઈ દેશમાં એના બધા કોરોના સંક્રમિતને સારવાર આપવા પૂરતી હૉસ્પિટલ કે સાધનોની વ્યવસ્થા નથી. મોટા ભાગના દેશોમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા હૉસ્પિટલ સુવિધા કરતાં વધારે રહી છે, જેના પરિણામે અનેક લોકોએ સારવાર માટે હાડમારી ભોગવી છે. દર્દીની સંખ્યા અને હૉસ્પિટલોની ક્ષમતા વચ્ચે મેળ બેસાડવા દુનિયા આખીએ લૉકડાઉનનો આશરો લીધો. બે જણ ભેગા થાય તો સંક્રમણ થાય પણ ભેગા થવાનું જ ન થાય તો કોરોનાની વિસ્તરવાની શક્યતાઓ ઘટે, એવા અનુમાન હેઠળ આપણે ૨૫ માર્ચ ૨૦૨૦થી લૉકડાઉન કર્યું, લોકોને એમના ઘરમાં રહેવાનું કહેવામાં આવ્યું અને તમામ પ્રકારની પ્રવૃત્તિઓ સિવાય કે જીવન પોષક પ્રવૃત્તિઓ, પર રોક લગાવી દીધી. ચીનથી શરૂઆત કરી બધા જ દેશોએ આ રોગની દવા શોધાય ત્યાં સુધી ટેસ્ટ કરવા અને લૉકડાઉન રાખવાની નીતિ અપનાવી. પણ આનાથી કોરોના વાઈરસના સંક્રમણ પર ઝાઝી અસર થઈ નથી. આ બંને ક્ષેત્રે પૂરઝડપે સંશોધન થઈ રહ્યું છે. કોરોના વાઈરસ ક્યાંથી અને કેમ આવ્યો એ કુદરતનો કરિશ્મા છે કે માણસની ભૂલ, એ સમજી શકાયું નથી.

* આ અંક માર્ચમાં તૈયાર થઈ ગયો હતો, પણ લૉકડાઉનમાં અટવાઈ ગયો હતો. હવે જૂન મહિનો શરૂ થઈ ગયો હોઈ આ અંકને સંયુક્ત અંક- ૨-૩ જાન્યુઆરી-જૂન તરીકે બહાર પાડવામાં આવે છે.



જાહેર આરોગ્ય માટે આપણે જે રીતે ધ્યાન આપવું જોઈતું હતું, જે રીતે ખર્ચ કરવો જોઈતો હતો તે નથી કર્યો, એ હવે સમજાય છે કે ખાનગી આરોગ્ય સેવા જાહેર આરોગ્ય સેવાની પર્યાય બની શકે નહીં. મોટાભાગના દેશોએ પોતાની રાષ્ટ્રીય આવકનો નોંધપાત્ર હિસ્સો, કોરોના વાઈરસમાંથી બચવા માટે ફાળવ્યો છે. કોરોનાના સંક્રમણ દરને ઘટાડવા માટે મોટી સંખ્યા ટેસ્ટ કરી સંક્રમિત લોકોને ઓળખી અલગ રાખવાની આપણી ક્ષમતા નથી. આપણી પાસે એટલી કિટ પણ નથી અને કિટ વાપરી શકે એવા ડૉક્ટર પણ નથી. લૉકડાઉનનો ફાયદો કેટલો થયો એ 'જો અને તો' ની વાત છે. પણ એનાથી અનેક નવા પ્રશ્નો આપણા જેવા દેશોમાં ઊભા થયા. ભારત જેવા દેશોમાં કે જ્યાં અસંગઠિત શ્રમિકોની સંખ્યા ખૂબ મોટી છે (૯૦%) અને જ્યાં આજે પણ ૫૦% જેટલી વસ્તી ખેતી પર નભે છે, જ્યાં આજે પણ મોટી સંખ્યામાં (લગભઘ ૫૦ કરોડ) મજૂરો પોતાનું વતન છોડી બીજે નોકરી કરવા જાય છે, જ્યાં કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાંથી ૪૫ ટકા ઉત્પાદન સૂક્ષ્મ, નાના અને મધ્યમકદના એકમો કરે છે અને લગભગ ૬ કરોડ લોકોને કામ આપે છે. જ્યાં સરકાર કોઈ પ્રકારની આર્થિક સુરક્ષા સમાજના નીચલામાં નીચલા વ્યક્તિ સુધી પહોંચાડવા સક્ષમ નથી ત્યાં લૉકડાઉન અર્થતંત્રને તોડી નાખે છે અને અનેક માણસોમાં જીવનને બદતર બનાવે છે, અંત તરફ ખેંચી જાય છે.

ભારત જેવા દેશમાં આ પ્રશ્નો બહુ મોટા છે. જીવન અને આજીવિકા વચ્ચે પસંદગી કરવી એ માનવજાત માટેનો મોટો તકાદો છે. સરકાર આજીવિકાના પ્રશ્નો ઉકેલવા માટે હજી બહુ સક્રિય થઈ નથી લૉકડાઉન પૂરું થશે પછી સર્જાનાર પરિસ્થિતિ બાબતે કોઈ ચોક્કસ આયોજન હજી સુધી થયું નથી. કોરોના સામે બંને મોરચે લડવાનું છે. જે દેશો પાસે સંસાધનો છે એમને માટે આ પ્રશ્નો ઓછા વિકટ છે. પણ સંસાધનોની કમી હોય ત્યારે આપણા અગ્રતાક્રમોને નવેસરથી વિચારવા પડે. આપણા વિકાસની જરૂરિયાતો, આકાંક્ષાઓને આપણે કેટલું બાજુએ મૂકી આપણા નિર્ણયોમાં ભૂખ્યા, કામ વગર ટળવળતા લોકોને કેન્દ્રસ્થાને મૂકી શકીએ છીએ તે સવાલ છે. સંસ્કૃતિઓને

**(અનુસંધાન પૃ.૨૭ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

**'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત**

# યાત્રાપથ


● પ્રકાશક ●
**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.



● કાર્યાલય ●
**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**
**સમુદાય શિક્ષણ ભવન**
ઑફ આશ્રમરોડ,
નવજીવન પ્રેસ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૪
ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪
Email : iscehouse@gmail.com
Website : http://iscecommunity.org
Facebook : iscehouse@gmail.com


**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો તો આભારી થઈશું.**


મુદ્રક :
**અર્થ કમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,
સી. યુ. શાહ કૉલેજ પાસે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪
મો. ૯૩૨૭૦૩૬૪૧૪



Subject to Ahmedabad Jurisdiction


## ક્રમની કેડીએ...


| *ક્રમ વિષય* | *પૃષ્ઠ* |
|---|---|
| ૧. સંપાદકીય | ૧ |
| ૨. રાષ્ટ્રભાષા દ્વારા રાષ્ટ્રીય ઐક્ય | ૪ |
| ૩. કોરોના કેપિટાલિઝમ | ૯ |
| ૪. પ્રવૃત્તિ સરિતા | ૧૭ |
| ૪.૧ ગાંધી વિચાર અને સાહિત્ય વાચન શિબિર - રાજકોટ | ૧૭ |
| ૪.૨ માતૃભાષા દિનની ઉજવણી | ૧૮ |
| ૪.૩ ધ્વજવંદન | ૨૦ |
| ૪.૪ પ્રૌઢશિક્ષણ સામે કોવિદ-૧૯ના સંદર્ભમાં નવા પડકારો | ૨૧ |
| ૪.૫ JSDP સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમ | ૨૨ |
| ૫. સમુદાય શિક્ષણમાં અવનવું | ૨૫ |
| ૫.૧ વક્તૃત્વ સ્પર્ધા - અહેવાલ | ૨૩ |
| ૬. પુસ્તક પરિચય | ૨૫ |


'શાંતિની એષણા સનાતન અને સર્વવ્યાપક છે. આ હવે વૈયક્તિક સવાલ નથી, પણ સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સવાલ છે.'

**- રામલાલ પરીખ**



## ૨. રાષ્ટ્રભાષા દ્વારા રાષ્ટ્રીય ઐક્ય

**- પ્રા. રામલાલ પરીખ**

૧૪મી સપ્ટેમ્બરનો (આજનો) દિવસ 'હિન્દી દિવસ' તરીકે ઉજવાઈ રહ્યો છે. આ દિવસ 'વિવિધતામાં એકતા'ની આપણી રાષ્ટ્રીય આરાધનાનો દિવસ છે. આપણા રાષ્ટ્રની એકતા માત્ર રાજકીય એકતાથી ટકી ન શકે. રાષ્ટ્રીય એકતાનો પાયો આપણી સમન્વિત એકતામાં રહેલો છે. 'હિન્દી' ભાષા ભારતના સાંસ્કૃતિક સમન્વયની પ્રતીક છે.

રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર કાર્યનો પ્રારંભ ભારતની રાષ્ટ્રીય એકતાના સાધન તરીકે ૧૯૧૮માં મહાત્મા ગાંધીની દોરવણી હેઠળ દક્ષિણ ભારતથી થયો હતો. રાષ્ટ્રભાષા હિન્દી-હિન્દુસ્તાનની કોઈ એક-બે પ્રદેશોની ભાષા નથી, પણ બહુભાષી ભારતના કરોડો નાગરિકોને એક રાષ્ટ્રીયતામાં ગૂંથતી સાંસ્કૃતિક માળા છે. હિન્દી ભારતની પ્રાદેશિક ભાષાઓ કરતા ઊંચી નથી કે પ્રાદેશિક ભાષાઓ ઓછા મહત્ત્વની નથી. પરંતુ અનેક-ભાષી ભારતની આમ જનતાના સહુથી વધુ લોકો તેમનો પરસ્પરનો વ્યવહાર આ ભાષા દ્વારા કરે છે. હિન્દી ભારતની આંતર-ભાષા અને જોડભાષાનું કાર્ય કરે છે. ભારતીય રાષ્ટ્રીયતાની આ મહત્ત્વની કડી છે. ગાંધીજીએ તો પ્રારંભથી જ પ્રાદેશિક ભાષાઓ અને રાષ્ટ્રભાષા હિન્દીનો પ્રસાર એકી સાથે કરવાનો આગ્રહ રાખ્યો હતો. આપણા સ્વાતંત્ર્ય આંદોલનના અંગભૂત કાર્યોમાં ગાંધીજીએ ભારે દૂરંદેશીથી પ્રાંતીય ભાષાઓ અને રાષ્ટ્રભાષાના વિકાસને સ્થાન આપેલું. રાષ્ટ્રભાષા હિન્દી દ્વારા આપણી રાષ્ટ્રીય અસ્મિતાનો વિકાસ થયો છે. પરદેશી રાજે ભારતમાં અંગ્રેજી ભાષાના પ્રભુત્વને ઠોકી બેસાડીને આપણી રાષ્ટ્રીય અસ્મિતાનું ખંડન કર્યું હતું. તેથી રાજવહીવટ પરના અંગ્રેજીના પ્રભુત્વને રાષ્ટ્રભાષા હિન્દી દ્વારા દૂર કર્યા વિના આપણી રાષ્ટ્રીય અસ્મિતાનું ગૌરવ કેવી રીતે પુનઃ સ્થાપિત થાય ?

હિન્દીભાષાનો પ્રસાર ગાંધીજીના આગમન પહેલા પણ આર્યસમાજ અને બ્રહ્મસમાજે શરૂ કરેલો. પણ રાષ્ટ્રીય એકતાના સાધનરૂપે હિન્દીનો પ્રચાર-પ્રસાર કરવાનું કાર્ય ગાંધીજીએ ૧૯૧૮માં પોતાના દીકરા દેવદાસ ગાંધીને

* તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૮૬ આકાશવાણી દ્વારા પ્રસારિત ગુજરાત વિદ્યાપીઠના કુલ નાયકશ્રી અને અખિલ ભારતીય હિન્દી સંસ્થાના સચિવશ્રી રામલાલ પરીખનું વાયુ પ્રવચન

મદ્રાસમાં હિન્દી શીખવવા મોકલ્યા ત્યારથી જ શરૂ કર્યું હતું. મદ્રાસમાં ૧૯૧૮માં હિન્દીના પ્રથમવર્ગનું ઉદ્‌ઘાટન ડૉ. એની બેસન્ટના હાથે હોમ-રૂલ-લીગના કાર્યાલયમાં તામિલનાડુના નેતા સી.પી.રામસ્વામી ઐયરના અધ્યક્ષપદે થયું હતું. આ રીતે ભારતના વિવિધ ભાષા-ભાષી લોકોને જોડવાની અને તેમને નિકટ લાવવાના  સાધન તરીકે હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવામાં આવી હતી. દેવદાસ ગાંધીની સાથે ૧૯૨૮માં પ્રયાગથી સ્વામી સત્યદેવ પરિવ્રાજક પણ મદ્રાસમાં હિન્દી શીખવવા માટે ગયા હતા. ગાંધીજીએ દક્ષિણના કેટલાક યુવકોને હિન્દીનું અધ્યયન કરવા હિન્દી પ્રદેશોમાં જવાનું સૂચન કર્યું હતું. મદ્રાસના સેંકડો યુવાનો આ માટે તૈયાર થયા હતા. પ્રયાગમાં હિન્દી ભણીને ૧૯૧૯માં પહેલી ટુકડી મદ્રાસ પાછી આવી હતી. ટી. આર. વ્યંકટરામન શાસ્ત્રી અને શ્રી સદાશિવ ઐયર જેવા દક્ષિણ ભારતના વિદ્વાન અગ્રણીઓ પણ હિન્દી શીખવાના કાર્યમાં જોડાયા હતા. મદ્રાસ પછી આંધ્રમાં પણ એ જ રીતે ફેલાવો શરૂ થયો. ત્યારબાદ ૧૯૨૭માં દક્ષિણ ભારત પ્રચાર-સભાની સ્થાપના થઈ. ગાંધીજી તેના આજીવન અધ્યક્ષ બન્યા અને રાષ્ટ્રભાષા હિન્દીના પ્રસાર કાર્યને વિશેષ વેગ મળ્યો. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સ્વીકારેલી ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં હિન્દી શીખવવાના કાર્યને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું. હિન્દી શીખવી અને હિન્દી શીખવવી એ રાષ્ટ્રસેવાનું કામ ગણવામાં આવ્યું. શ્રી રાજગોપાલાચારી, શ્રી પટ્ટાભિ સીતારમૈયા, શ્રી જમનાલાલ બજાજ, શ્રી કાકાસાહેબ કાલેલકર જેવા વિદ્વાનો અને અગ્રણીઓએ રાષ્ટ્રભાષા હિન્દીના પ્રસારના કાર્યને સક્રિયતાથી ઉપાડી લીધું. ૧૯૩૨ સુધીમાં દક્ષિણના ચારેય પ્રાંતોમાં દક્ષિણ ભારત પ્રચારસભાની શાખાઓ પણ શરૂ થઈ ગઈ. બીજી બાજુ ઉત્કલ, બંગાળ, આસામ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ હિન્દીના પ્રસારનું કાર્ય વધવા માંડ્યું. આ રીતે સ્વતંત્રતાની લડત દરમ્યાન જ હિન્દી પ્રચાર દ્વારા રાષ્ટ્રીય એકતાનો પાયો દરેક હિન્દીભાષી પ્રદેશમાં નંખાયો.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૯૩૬માં નાગપુર મુકામે મળેલા અધિવેશનમાં તેના અધ્યક્ષ તરીકે શ્રી રાજેન્દ્રબાબુએ હિન્દીના પ્રસાર માટે આહ્‌વાન કર્યું. ૧૯૩૮માં રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધાની સ્થાપના થઈ. કાકાસાહેબ કાલેલકરે હિન્દુસ્તાની પ્રચારસભાની સ્થાપના કરી. ૧૯૪૪માં ગૂજરાત વિદ્યાપીઠે હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિની સ્થાપના કરી. ૩૦ લાખથી વધુ ગુજરાતવાસીઓ ગૂજરાત વિદ્યાપીઠની હિન્દી પ્રચારની પરીક્ષાઓ દ્વારા હિન્દી શીખ્યા છે. તેના



૮૦૦ કેન્દ્રોમાં, લગભગ ૧૭૦૦ શિક્ષકો હિન્દી-પ્રચાર માટે માનદ સેવા આપે છે.

ભારતના બહુવિધ સમન્વિત સંસ્કૃતિના આ વિભાગ સ્વરૂપે હિન્દી-પ્રચારનું કાર્ય કરવા ગાંધીજીએ છેક ૧૯૦૯માં તેમના પુસ્તક હિન્દ સ્વરાજમાં હિમાયત કરી હતી. હિન્દી-પ્રચારના કાર્યના ભાગરૂપે જ તેમણે ઉત્તરના હિન્દીભાષી લોકોને તામિલ શીખવાની સલાહ આપી. ૧૯૨૧માં નવજીવનમાં એક લેખમાં ગાંધીજીએ હિન્દી-ઉર્દૂ વચ્ચે લિપિ સિવાય કોઈ ભાષા ભેદ નહીં રાખવા આગ્રહ કર્યો હતો. હિન્દી હિન્દુઓની ભાષા અને ઉર્દૂ મુસ્લિમોની ભાષા જેવા ભ્રામક સંકુચિત ખ્યાલોમાંથી સહુ શિક્ષણ-પ્રેમીઓને મુક્ત થવા તેમણે હાકલ કરી અને ભાષા વિકાસનું, વિભાજનનું નહીં પણ એકતાનું સાધન બનાવવા તેમણે પ્રેરણા આપી.

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦થી ભારતનું પ્રજાસત્તાક રાજ્યબંધારણ અમલમાં આવ્યું. તેની ૩૫૧મી કલમમાં ભારતની સામાજિક સંસ્કૃતિનાં બધાં તત્ત્વોના અભિવ્યક્તિના માધ્યમરૂપે હિન્દીનો રાજ્યભાષારૂપે વિકાસ કરવાની ભારતની સંઘ સરકારની જવાબદારી છે એમ સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું. હિન્દી અને ભારતની પ્રાદેશિક ભાષાઓ વચ્ચેના આદાન-પ્રદાન દ્વારા હિન્દીનો વિકાસ કરવાની સંકલ્પના રાજબંધારણની કલમ ૩૫૧માં રજૂ કરવામાં આવી અને હિન્દીનો વિકાસ હિન્દુસ્તાની રૂપે કરવાનો છે એમ સ્પષ્ટ કરવામાં આવ્યું. પ્રજાસત્તાક રાજબંધારણની સ્થાપનાને ૧૪ વરસ પૂરાં થયાં પછી ૧૯૬૩માં રાજ્યભાષા તરીકે વિધિવત હિન્દીની પ્રસ્થાપના કરવા માટે સંસદે રાજ્યભાષા અધિનિયમનો કાયદો પસાર કર્યો. કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલયમાં ૧૯૭૫થી રાજ્યભાષા વિભાગની એક અલગ વિભાગ તરીકે સ્થાપના થઈ. આ વિભાગે તૈયાર કરેલા અનેક નિયમો અને આદેશો હેઠળ ભારત સરકારના તમામ વિભાગોના પ્રકાશનો હવે અંગ્રેજી સાથે સાથે હિન્દીમાં પ્રગટ થાય છે. હિન્દીમાં પત્ર લખનારનો હિન્દીમાં ઉત્તર મેળવવાનો હક સ્વીકારાયો છે. સંસદના બંને ગૃહોમાં એકીસાથે અંગ્રેજી કે ભારતની કોઈપણ માન્ય પ્રાદેશિક ભાષામાંથી હિન્દીમાં અનુવાદ કરવાની સવલત સ્થપાઈ છે. નવા ચૂંટાયેલા સંસદ સભ્યોની શપથવિધિ સભ્યની ઈચ્છા મુજબ માતૃભાષામાં કે રાષ્ટ્રભાષા હિન્દીમાં થઈ શકે છે. રાજ્યભાષા વિભાગના આદેશ હેઠળ રાષ્ટ્રીયકૃત બેંકો અને રાજ્ય સંચાલિત ઉદ્યોગોમાં સેંકડો હિન્દી-અધિકારીઓની નિમણૂકો થઈ છે. આમ રાજ્યભાષા અને જોડ ભાષા તરીકે, એકી સાથે, રાષ્ટ્રભાષા હિન્દીનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. હિન્દી લોકભાષા તો હતી જ. હવે રાજભાષા અને

સાંસ્કૃતિક ભાષા તરીકે તેનો વ્યાપક વિકાસ થયો છે. એટલું જ નહીં પણ આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે પણ રાષ્ટ્રભાષા હિન્દીનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. આમ ચતુઃસ્વરૂપે રાષ્ટ્રભાષા હિન્દી વિકસી રહી છે અને આપણી રાષ્ટ્રીય એકતાનું સિંચન કરી રહી છે. થોડાક રાજકીય વિવાદો આગળ ધરીને આપણે રાષ્ટ્રભાષા હિન્દી, જે રીતે ભારતની રાષ્ટ્રીયતાનું સંવર્ધન કરી રહી છે તેને અટકાવી શકીએ નહીં. રાષ્ટ્રભાષાનો સાર્વત્રિક પ્રચાર કર્યા વિના રાષ્ટ્રીય એકતા કઈ રીતે સુદૃઢ થાય ?

પ્રારંભથી જ દેશભરમાં હિન્દી-પ્રસારનું કાર્ય પ્રજાની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે થઈ રહ્યું છે. હાલમાં ૧૭ હિન્દી પ્રચાર સંસ્થાઓ દેશના ૧૪ જેટલા રાજ્યોમાં હિન્દી પ્રચારનું કામ કરી રહી છે. નાગાલેન્ડથી કચ્છ અને લદાખથી કન્યાકુમારી, લક્ષદ્વીપ કે નિકોબારના ટાપુઓ સુધી અસંખ્ય લોકો હિન્દીમાં વ્યવહાર કરતા થયા છે. અખિલ ભારતીય હિન્દી સંસ્થા સંઘની ૧૭ સભ્ય સંસ્થાઓ મારફતે યોજાતી પરીક્ષાઓમાં દર વર્ષે ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ હિન્દી શીખે છે. આ સંસ્થાઓની સ્વૈચ્છિક પરીક્ષાઓ દ્વારા છેલ્લાં ૪૦ વરસોમાં પાંચ કરોડથી વધુ લોકો વિવિધ સ્તરનું હિન્દી શીખ્યા છે. આ બિનસરકારી પ્રજાકીય સંસ્થાઓને ભારત સરકાર જૂજ સહાય આપે છે પણ એકંદરે તેમનું કાર્ય પ્રજાના સહયોગથી જ ચાલે છે. સ્વતંત્ર ભારતની પ્રજાકીય સિદ્ધિઓમાં હિન્દી-પ્રચારની પ્રવૃત્તિ મોખરાનું સ્થાન ધરાવે છે.

હિન્દી ભાષાના વિકાસથી પ્રાંતીય ભાષાઓનો વિકાસ અવરોધાતો નથી. બંધારણની કલમ ૩૫૧ની રુએ હિન્દુસ્તાનીના સ્વરૂપની હિન્દીની જે સંકલ્પના કરવામાં આવી છે, તેનાથી સ્પષ્ટ થયેલું છે કે રાષ્ટ્રભાષા અને પ્રાદેશિક ભાષા વચ્ચે શબ્દોના આદાન-પ્રદાનને પ્રોત્સાહન અપાશે. જવાહરલાલજીના વિવિધતામાં એકતાના સ્વપ્નને પ્રફુલ્લિત કરતી ભાવાત્મક એકતા રાષ્ટ્રભાષા હિન્દીના વિકાસથી સિદ્ધ કરી શકાશે.

આજનો હિન્દી દિવસ એ હિન્દી નામની ઉત્તર ભારતની ભાષાનો દિવસ નથી, પણ આપણા રાષ્ટ્રીય ઐક્યના આત્મારૂપ, જેને અનેક ધર્મના લોકોએ વિકસાવી છે અને અનેક સંતોએ જે ભાષા દ્વારા હિન્દુસ્તાનની સાંસ્કૃતિક એકતાનું નિર્માણ કર્યું છે, તેના ગૌરવનો દિવસ છે. રાષ્ટ્રભાષા આપણા રાષ્ટ્રીય ઐક્યનું અસરકારક સાધન છે. તે નિઃશંક રીતે સાબિત થઈ ચૂક્યું છે.

હવે તો દેશ-વિદેશોમાં પણ હિન્દી ભાષાનો પ્રચાર વધતો જાય છે. રશિયા, ચીન, જાપાન, હંગેરી, પૉલેન્ડ વગેરે દેશોમાં તેમજ ઇંગ્લેન્ડ અને



અમેરિકાની અસંખ્ય યુનિવર્સિટીઓમાં હિન્દીનો વ્યાપક ફેલાવો થઈ રહ્યો છે. મુન્શી પ્રેમચંદની વાર્તાઓ, મૈથિલીશરણ ગુપ્ત અને દિનકર કવિની કવિતાઓ એ હવે માત્ર ભારતની વિરાસત નથી. હિન્દી ભાષાના આવા અનેક વિશ્વવ્યાપી સર્જનો માનવજાતની વિરાસત બની ચૂક્યા છે.

દેશનો રાજવહીવટ, લોક વ્યવહાર, શિક્ષણ અને ન્યાયતંત્ર આપણી રાષ્ટ્રભાષા દ્વારા અને રાજ્યોનો વહીવટ અને શિક્ષણ પ્રાદેશિક ભાષાઓ દ્વારા ચલાવવામાં આપણે બિનજરૂરી વિલંબ કરી રહ્યા છીએ. પરદેશી સલ્તનતે પરદેશી અંગ્રેજી ભાષા દ્વારા આપણને પરાધીન બનાવ્યા હતા. તેની પકડમાંથી છૂટીને રાષ્ટ્રભાષા હિન્દી અને પ્રાદેશિક ભાષાઓને અપનાવ્યા વિના દેશભરની વિશાળ આમપ્રજાઓ વચ્ચે ઐક્યનો સેતુ ઊભો કરવાનું શક્ય બનશે નહિ.

ચાલો, ત્યારે આજે આપણે સહુ સંકલ્પ કરીએ કે આપણે સહુ હિન્દી શીખીએ અને સહુને શીખવીએ અને ભારતની રાષ્ટ્રીય અસ્મિતાના ગૌરવની વિશ્વને પ્રતીતિ કરાવીએ.

'આપણે વિદ્યાર્થીને વિદ્યાઓ શીખવી દેશનું નાવ સંભાળે તેવા શક્તિમાન કરવા છે તેના માટે પરભાષાનું વહન તો બોજારૂપ જ થાય, એમાં શંકા નથી. શિક્ષણનું વાહન તો સ્વભાષા જ હોઈ શકે.'

**- સરદાર વલ્લભભાઈ પટેલ**

કેળવણી વડે ક્રાંતિની પ્રસ્તાવનામાંથી

"Language can never die. on its own, but it can be killed.

"Language today has become an economic capital around the world. The future technology - computers, mobile technology - their basic material is language Having many tongues will come to be seen, in a not distant future, as great economic capital.

"Every language whether it has 700 words or 7 million, covers the entire semantic universe available to humans.

"When a language dies, something irreplacable dies."

***-Prof. Ganesh Devi***

# ૩. કોરોના કેપિટાલિઝમ

**પ્રો. હેમંતકુમાર શાહ***

'પરંપરાગત મૂડીવાદ મરી રહ્યો છે અથવા કમ-સે-કમ તે સામ્યવાદની કંઈક નજીક કહી શકાય તેવું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે'. ઑસ્ટ્રેલિયાની એક રોકાણ કંપની મેકારી વેલ્થ દ્વારા તેના રોકાણકારોને તાજેતરમાં કોરોના મહામારીના માહોલમાં આમ કહેવામાં આવ્યું છે. શું ખરેખર મૂડીવાદનું સ્વરૂપ કોરોના વાઈરસને લીધે બદલાશે ? ૧૯૯૧માં સોવિયેત સંઘનું પતન થયું અને તેના ૧૫ દેશોમાં ટુકડા થઈ ગયા ત્યારે લંડનના માતબર અખબાર 'ફાઈનાન્સિયલ ટાઈમ્સ' દ્વારા તેના તંત્રીલેખનું શીર્ષક આમ મારવામાં આવ્યું હતું : 'સામ્યવાદ, એક ઈશ્વર, નિષ્ફળ ગયો' અને મૂડીવાદે દુનિયાના નવા ઈશ્વર તરીકે તેની સાથે જ જન્મ લઈ લીધો ! આજે કોરોના મહામારીને લીધે મૂડીવાદની રીતિનીતિ સામે કેટલાક સવાલો ઊભા થઈ રહ્યા છે અને તે ટકશે કે તેનો મૃત્યુઘંટ વાગશે તેવા સવાલોના જવાબો શોધવામાં આવી રહ્યા છે.

દુનિયાભરમાં બધે બધું લૉકડાઉન છે અને વસ્તુઓ તથા સેવાઓનું ઉત્પાદન લગભગ સ્થગિત થઈ ગયું છે. તેવા સમયે એક જ બજાર લગભગ સતત બરાબર કામ કરતું રહ્યું છે અને તે છે શેર બજાર. હા, એ વાત સાચી કે, દુનિયાભરમાં શેર બજાર ઑનલાઈન ચાલે છે, પણ તે ચાલે છે. ભારતમાં પણ સેન્સેક્સ ઊંચો ગયો કે નીચો ગયો તેના સમાચાર સતત મળતા રહે છે. શેરોની લેવેચ ચાલુ છે. જ્યાં કોઈ જ વસ્તુ કે સેવાનું ઉત્પાદન થતું નથી તે શેર બજાર કોઈ પણ જાતના અવરોધ વિના ચાલુ છે ! કોરોના વાઈરસ શેર બજારનાં કોમ્પ્યૂટરો અને સર્વરમાં ઘૂસી શકે તેમ નથી, તે એની તાકાત બહારની વાત છે !

શેર બજાર એક જુગારખાનું છે. ત્યાં કશું જ ઉત્પાદન થતું નથી. ઘણાં વર્ષો અગાઉ ભારતનું ખૂબ જાણીતું અખબાર 'ધી ઈકોનોમિક ટાઈમ્સ' જે પાના પર શેર બજારના સમાચાર આપતું હતું તે પાના પર શીર્ષક મારતું હતું : 'કેસિનો ઈફેક્ટ.' પછી તેને શરમ આવતી હશે એટલે કદાચ એ એણે બંધ કરી દીધું ! જ્યાં માત્ર જુગાર જ ખેલાય છે એ બજાર ધમધમે છે અને જે કંપનીઓના શેર ત્યાં ખરીદાય છે અને વેચાય છે તેમાંની ઘણી કે લગભગ

* પ્રા. હેમંત શાહ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક છે અને એક સ્વતંત્ર વિચારક તરીકે તત્કાલીન પ્રશ્નો પર એમનો આગવો મત ધરાવે છે.



બધી કંપનીઓનાં કારખાનાંમાં અત્યારે ઉત્પાદન પણ બંધ છે. ઉત્પાદન, આવક, રોજગારી, રાષ્ટ્રીય ઘરેલુ ઉત્પાદનનો વૃદ્ધિ દર વગેરે અર્થતંત્રમાં મહત્ત્વનાં છે પણ જ્યાં કશું જ ઉત્પાદન નથી થતું તે બજાર જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતી માનવજાત માટે સૌથી મહત્ત્વનું બની ગયું છે !

મૂડીવાદમાં મનુષ્યની જિંદગી કરતાં એ જિંદગીની બજારુ કિંમત વધારે અગત્યની છે. આમ તો, માનવ જિંદગી અમૂલ્ય છે, તેની કોઈ કિંમત નક્કી ના કરાય. પણ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં બજારમાં તેની કિંમત નક્કી કરાય છે. જિંદગી અમૂલ્ય છે એમ કહો એટલે એ એક દાર્શનિક ખ્યાલ થયો કહેવાય, જિંદગીની કિંમત નક્કી કરો તો એ એક આર્થિક ખ્યાલ થયો ગણાય. અર્થતંત્રમાં માનવ જિંદગીની આ કિંમત જીવન દ્વારા નક્કી થાય છે. એટલે કોરોના મહામારીના કિસ્સામાં અત્યારે એમ કહેવામાં આવે છે કે જો મનુષ્યની જિંદગી બચે છે તો વીમા કંપનીઓનું ખર્ચ બચે છે. જો કોરોનાની સારવાર અંગેનું ખર્ચ કરવામાં આવે અને તેને અટકાવવાના પ્રયાસો કરવામાં આવે તો કોરોનાથી થતા માનવ મૃત્યુનું પ્રમાણ ઘટી જશે અને તો વીમા કંપનીઓને જે રકમ વીમાના દાવા પેટે ચૂકવવાની થાય તે નહિ થાય. તો પછી જે જિંદગી બચી એની કિંમત કેટલી ?

મંગળ ઉપર અને સમગ્ર બ્રહ્માંડમાં જિંદગી શોધતાં મનુષ્યની જિંદગીનું પૃથ્વી પર કેટલું મૂલ્ય એ મોટો સવાલ છે. દરેક મનુષ્યની જિંદગી મહત્ત્વની છે, અને તે અમૂલ્ય છે. એટલે જ અત્યારે જે જિંદગી બચી જાય છે તેની કિંમત કેટલી છે તે નક્કી કરવામાં આવી રહ્યું છે. જેમ કે અમેરિકામાં એક વ્યક્તિનો જીવન વીમો એક કરોડ ડૉલરનો છે એમ એવો અછડતો અંદાજ મૂકવામાં આવે છે. એટલે જો રોગચાળાના નિષ્ણાતો જે અંદાજો મૂકે છે, તેટલા લોકો કોરોના વાઈરસને લીધે ના મરી જાય તો તેટલા કરોડ ડોલર બચ્યા એમ કહેવાય. ગ્રેગ ઈપ નામના એક નિષ્ણાત એમ કહે છે કે જો અમેરિકામાં ૨૦ લાખ લોકોનાં મોત ના થયાં તો ૨૦,૦૦૦ અબજ ડોલર બચી જશે ! આ રકમ લગભગ અમેરિકાની એક વર્ષની જીડીપી જેટલી થઈ.

એક રસપ્રદ બાબત એ છે કે શિકાગો યુનિવર્સિટીના બે સંશોધકોએ ગયા મહિને જે એક લેખ લખ્યો તેમાં એમ કહ્યું કે વૃદ્ધ લોકોની જિંદગીનું મૂલ્ય ઓછું છે અને યુવાન લોકોની જિંદગીનું મૂલ્ય વધારે છે ! એમણે એનું કારણ આપ્યું નથી પણ સીધીસાદી વાત એ છે કે વૃદ્ધો કશું ઉત્પાદન કરતા નથી અને ઉપરથી વિવિધ સેવાઓ પ્રાપ્ત કરે છે અને સમાજ પર બોજો છે, જ્યારે

યુવાનો તો ઉત્પાદન કરે છે ! તેના આધારે તેમણે એમ કહ્યું કે જો 'સામાજિક અંતર' (Social Distancing) ને લીધે અમેરિકામાં ૧૭ લાખ લોકો ઓછા મરશે કે જેમની જિંદગીની કિંમત આઠ હજાર અબજ ડોલર હશે ! એમાં એમણે યુવાન જિંદગીનું મૂલ્ય વધારે ગણ્યું.

ભારતના સંદર્ભમાં જરા જુદી રીતે આ વાતને જોવી પડે. અમેરિકામાં જીવન વીમો લગભગ બધા લોકો પાસે હોય. ભારતમાં એવું નથી. ૨૦૧૭ના આંકડા મુજબ ૩૨.૮ કરોડ લોકો પાસે જીવન વીમો છે. જો કે, એક અભ્યાસ એમ કહે છે કે તે પણ જો પરિવારના સભ્યનું મૃત્યુ થાય તો પરિવારની જરૂરિયાતને ૮ ટકા જ પહોંચી શકે તેટલી કિંમત છે. વળી, ભારતમાં ૪૪ ટકા લોકો પાસે આરોગ્ય વીમો છે. હવે પ્રશ્ન એ છે કે ભારતમાં સરકારી અને ખાનગી વીમા કંપનીઓની કેટલી રકમ કોરોનાથી મૃત્યુના થવાથી બચે છે. કોરોના કોને મારે છે તે મુદ્દો મહત્ત્વનો છે, જેમણે જીવન વીમો લીધેલો છે એને તે મારે છે કે જેણે નથી લીધો તેને ? એ તો કોરોનાની મરજી ! પણ જેણે જીવન વીમો લીધો છે તે ના મરે તેને માટે સરકારે કે સમાજે જે રકમ સારવાર પેટે કે પ્રતિરોધાત્મક પગલાં તરીકે ખર્ચી તે તો ખાનગી ખિસ્સામાંથી નથી ખર્ચાઈ એ એક હકીકત છે. સરકારે એટલે કે સમગ્ર સમાજે એ બોજો ઉઠાવ્યો અને તેનો લાભ વીમા કંપનીઓને મળ્યો ! મૂડીવાદ જાહેર ખર્ચને ખાનગી નકામાં ફેરવી નાખે તે આનું નામ. આ જાહેર કે સામાજિક ખર્ચ વીમા કંપનીઓ પાસે વસૂલ કરવાનો વિચાર પણ કોઈને નહિ આવે.

જરા જુદી રીતે પણ વિચારીએ : ભારતમાં જેમની પાસે જીવન વીમો કે આરોગ્ય વીમો નથી તેઓ કોરોનાગ્રસ્ત બન્યા અને છતાં જીવી ગયા તો તેમની જિંદગીની કિંમત કેટલી ? જરા આશરે ૪.૫ કરોડ સ્થળાંતરિત મજૂરોના સંદર્ભમાં આ વિચારો. તેઓ ભવિષ્યમાં અર્થતંત્રમાં જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરશે તેના મૂલ્યનો કોઈ અંદાજ અત્યારે તો મૂકી શકાય તેમ છે જ નહિ. વળી, કોરોનાગ્રસ્ત લોકો માટે જે ખર્ચ થયું તે કોણે કર્યું ? પરિવારોએ કેટલું કર્યું અને સરકારે કેટલું કર્યું ?

એ જ રીતે, લોકો કોરોનાગ્રસ્ત બને જ નહિ તેને માટે પણ સરકારે જે ખર્ચ કર્યું તેને પણ ગણવું પડે. આ ખર્ચ કોઈ પણ રીતે અર્થતંત્રમાં જ થાય છે અને તે વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં જ ગણાય છે. એનાથી જીડીપીમાં વધારો ચોક્કસ થાય પણ તે કેટલો ઇચ્છનીય ગણાય ? હા, કોરોનાના લીધે સેનિટાઈઝર, હાઇડ્રોક્સીક્લોરોક્વીન અને અન્ય દવાઓ તેમજ સારવાર



માટેનાં કે અન્ય પ્રકારનાં અનેક સાધનો અને તેને લગતી સેવાઓનું તથા હંગામી ધોરણે હૉસ્પિટલોનું ઉત્પાદન વધ્યું અને તેથી જીડીપી પણ એટલું વધે. પણ આ બધું ઉત્પાદન વધ્યું તે સારું થયું એમ તો કેવી રીતે કહેવાય ? મહાત્મા ગાંધી એમ કહે છે કે, 'આગ લાગ્યા પછી ભારોટિયાં બળીને થયેલા કોલસા સોંઘા હોઈ શકે છે, ધરતીકંપ થયા પછી પડી ગયેલાં ઘરની ઈંટો સોંઘી હોઈ શકે છે, પણ તેથી આગ અને ધરતીકંપ એ પ્રજાના લાભને સારુ થયાં એમ કહેવાની કોઈની હિંમત નહિ ચાલે.' મૂડીવાદ માણસને દરેક બાબતનું મૂલ્ય પૈસામાં આંકવા પ્રેરે છે. એટલે કોરોના વાઈરસની મહામારીને પણ આ જ રીતે મૂલવવાની કોશિશ કરવામાં આવી રહી છે.

જો કે, જીડીપીનો વૃદ્ધિ દર ઘટી જશે એની ચિંતા અત્યારે સહુને સતાવે છે. IMF, વિશ્વ બેંક અને RBI જેવી અનેક સંસ્થાઓ દુનિયાના અને ભારતના જીડીપીના વૃદ્ધિ દરમાં કેટલો ઘટાડો થશે તેની ચિંતા કરી રહી છે. પણ કોઈ એની ચિંતા નથી કરી રહ્યું કે જો અનેક ચીજોનું અને સેવાઓનું ઉત્પાદન બંધ છે તેને લીધે હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ ઘણું ઓછું થયું છે તો એ પ્રદૂષણ ઓછું જ રહે તે માટે શું કરવું ? અત્યારે પણ ઉત્પાદનની જ ચિંતા થાય છે, વપરાશની અને ઉત્પાદનની તરાહ બદલવાની ચિંતા નથી લોકો કરતા કે નથી સરકારો કરી રહી અને હા, કોરોના વાઈરસને પ્રતાપે હવે પછી ભારતમાં જીડીપીનો વૃદ્ધિ દર ઊંચો લઈ જવા માટે લેવાયેલાં કોઈ પણ સરકારી પગલાંનો વિરોધ દેશદ્રોહી ઘટના આપોઆપ બની જવાની છે, પછી ભલેને એ સરકારી પગલાં પેલા જીવન વીમો કે આરોગ્યનો વીમો ના ધરાવતા કરોડો લોકોના હિતમાં ના હોય ! તેમણે અને તેના વતી બોલનારાએ દેશ માટે તો ભોગ આપવો જ પડશે.

મૂડીવાદ એટલે બજાર અને બજાર એટલે માંગ અને પુરવઠો અને માંગ અને પુરવઠો એટલે ભાવ. અને ભાવ એટલે નફો. એમાં ક્યાંય નૈતિકતા અને માનવ મૂલ્યો વચ્ચે આવતાં જ નથી. કોરોના વાઈરસ બજારને બદલે આપણને માનવ સુખાકારી અને ન્યાય, સમાનતા અને સ્વતંત્રતાપૂર્ણ સમાજ તરફ લઈ જશે કે કેમ તે ખરેખર તો મોટી ચિંતાનો વિષય બનવો જોઈએ. સરકારો જે રીતે દુનિયાભરમાં આરોગ્યનું બહાનું આપીને અને જિંદગી બચાવવાનું બહાનું આપીને વધુ ને વધુ પોલીસ રાજ્ય તરફ ગતિ કરી રહી છે, તે જ રીતે મોટી કંપનીઓ નફાખોર સામ્યવાદ તરફ દુનિયાને લઈ જઈ રહી છે એની પ્રતીતિ થાય છે. ચીનની કંપનીઓએ ભારતની એચડીએફસી બેંક અને અન્ય અમેરિકન

કંપનીઓના શેર ખરીદી લીધા તે બાબતને આ નજરે પણ જોઈ શકાય !

કોરોનાના કામણનું કારણ અને મારણ બંને મૂડીવાદ

ગુજરાતી ગઝલકાર અમૃત 'ઘાયલ'ની એક ગઝલનો મતલબ કંઈક આવો છે : 'કાજળભર્યાં નયનનાં કામણ મને ગમે છે, કારણ નહિ જ આપું કારણ મને ગમે છે.' કોરોના વાઈરસનું કારણ શોધવાનું પણ આટલું જ દુષ્કર છે. કોરોના વાઈરસે મૂડીવાદી અર્થવ્યવસ્થાને લગભગ આવા અગોચર સ્તરે લાવીને મૂકી દીધી છે. મૂડીવાદનાં નયનો કામણ પાથરનારાં છે કારણ કે એમાં અમાપ વપરાશનું અને અતિ ઉચ્ચ જીવન ધોરણનું કાજળ ભરપૂર માત્રામાં ઠાંસીઠાંસીને ભર્યું છે. એ મુઠ્ઠીભર અમીર લોકોની પસંદ છે એટલું જ નહિ પણ તે તેમની સાથે તાલ મિલાવતા દુનિયાભરના સત્તાધીશોને વધુ ગમે છે. પણ આ કાજળની કાળાશ છતી થઈ ગઈ છે. હવે એ કેટલી કોને ગમે છે એનું માપ જ કોરોના પછીના અર્થતંત્રનો અને રાજતંત્રનો પાયો બનશે.

લગભગ છેલ્લા ચાર દાયકાથી દુનિયાભરમાં વૈશ્વિકીકરણ એક એવી પ્રક્રિયા બની ગયું છે કે તેની સામે અવાજ ઉઠાવનારને કહેવાતા વિકાસના અને વીજાણુ સાધનોને સહારે આવી રહેલી નૂતન દુનિયાના વિરોધી ગણવામાં આવે છે. પ્રશ્ન નૂતન પ્રાગંણનો નથી, પ્રશ્ન તો એમાં માનવજાતને શાંતિથી સમ ખાવા પૂરતો રહેવાનો અવકાશ મળે તેનો છે. કોરોનાનું કામણ એ તો 'કર લો દુનિયા મુઠ્ઠીમેં' વૃત્તિને વિજય મંત્ર સમજનારા મૂડીવાદી અર્થતંત્ર અને રાજતંત્રના સહિયારા કાવતરાનું પરિણામ છે એ સમજીએ તો કંઈક વાત બને.

બ્રિટિશ સમાજશાસ્ત્રી વિલિયમ ડેવિસ કહે છે કે, 'હાલ જે મૂડીવાદ વૈશ્વિક સ્તરે અસ્તિત્વમાં છે તે ઉદ્યોગધંધાલક્ષી પ્રવાસ, પ્રવાસન અને વ્યાપારમાં વ્યક્ત થાય છે. કોરોનાનો ફેલાવો પણ તેને લીધે જ થયો છે અને તેની સામે કોઈ અર્થશાસ્ત્રી સવાલ ઉઠાવતા નથી. દુનિયાભરના લોકો એકબીજા સાથે પ્રવાસન, વ્યાપાર અને સંચાર વ્યવસ્થાને લીધે ખૂબ જોડાઈ ગયા છે અને ઉત્પાદનની આખી સાંકળ શ્રમ બજાર ઉપર વધુ ને વધુ આધારિત છે.' તેમની વાત સાચી છે. અમેરિકન કે યુરોપિયન કંપનીઓ ભારત કે ચીનમાં કારખાનાં ખોલે છે અથવા કોલ સેન્ટર ખોલે છે તેનું કારણ એ છે કે તેમને સસ્તા મજૂરો કે કર્મચારીઓ જોઈએ છે. ચીન અને ભારત તેમને આવકારે છે કારણ કે તેઓ રોજગારી પૂરી પાડે છે અને બીજી તરફ નિકાસ વધારીને ડોલર કમાઈ આપે છે કે જે ડોલર વધુ આયાત કરવા માટે કામ લાગે છે.

આમ, આયાત અને નિકાસની એક આખી સાંકળ ઊભી થાય છે. આ



વ્યાપાર સમગ્ર વૈશ્વિક સમાજને સાંકળે છે અને તે દુનિયાભરમાં વૈશ્વિકીકરણને વેગ આપે છે. પરંતુ આ સમગ્ર વ્યાપાર પ્રક્રિયામાં ક્યાં કેટલું કોનું શોષણ થાય છે તે વધારે અગત્યનું છે. ૧૯મી સદીમાં દક્ષિણ આફ્રિકામાં જેમ ભારતીયો ગિરમીટિયા હતા તેમ ભારતની અંદર જ ભારતના કરોડો સ્થળાંતરિત મજૂરો ગિરમીટિયા જેવા થઈ ગયા છો કે શું ?

વૈશ્વિક વ્યાપારના તાણાવાણા સમજવા જેવા છે. વિશ્વ વ્યાપાર સંગઠન WTOની સ્થાપના ૧૯૯૫માં થઈ તે અગાઉ તેના પૂર્વાશ્રમ જેવી સમજૂતી GATTનો અમલ કરનારા જિનિવાના સચિવાલયે એક અભ્યાસ ૧૯૯૩ના અંત ભાગમાં બહાર પાડ્યો હતો. તે એમ કહેતો હતો કે WTOની સ્થાપના થવાથી દુનિયાભરમાં વ્યાપાર વધુ ને વધુ મુક્ત થશે અને તેને લીધે દુનિયાભરમાં જીડીપીમાં ૭૬૦ અબજ ડોલરનો વધારો માત્ર દસ વર્ષમાં જ એટલે કે ૨૦૦૪ સુધીમાં થશે. તેણે આ વધેલી આવક કોના ખિસ્સામાં જશે તે પણ કહેલું. તેના અંદાજ મુજબ આ વધેલી આવકના ૮૬ ટકા સમૃદ્ધ લોકોને અને ૧૪ ટકા આવક જ ગરીબોને મળવાની હતી. ૨૦૦૪ પછી પણ ૧૫ વર્ષ વીતી ગયાં છે. કોરોના ફેલાયો તેમાં આવો અસમાનતા વધારનારો વૈશ્વિક વ્યાપાર કેટલો કારણભૂત છે તેનો અંદાજ મેળવવાની જરૂર લાગે છે.

ગઈ સદીના અંત ભાગમાં વિશ્વ બેંકના હર્ષમેન નામના એક અર્થશાસ્ત્રીએ એક વિચારપ્રેરક લેખ લખ્યો હતો અને તેમાં તેમણે કેવો વિચિત્ર વેપાર દુનિયામાં થાય છે તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉદાહરણ આપતાં કહ્યું હતું કે અમેરિકાથી ૪૦૦ જાતની ચીઝની નિકાસ ફ્રાન્સમાં થાય છે અને ફ્રાન્સથી એ જ જાતની ફ્લેવર ધરાવતી ૪૦૦ જાતની ચીઝની નિકાસ અમેરિકામાં થાય છે. એટલે કે અમેરિકામાં પેદા થતી મેંગો ફ્લેવરની ચીઝ ફ્રાન્સના લોકો ખાય છે અને ફ્રાન્સમાં પેદા થતી મેંગો ફ્લેવરની ચીઝ અમેરિકાના લોકો ખાય છે ! તેઓ પછી સવાલ ઉઠાવે છે કે શું આ ચીઝે એટલાન્ટિક મહાસાગર ઓળંગવાની જરૂર ખરી ? જરા શોધવું પડશે કે હાલમાં હવે આવો ફાલતુ પ્રકારનો વેપાર સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે કેટલો થઈ રહ્યો છે. શું એ બંધ કરવાની તૈયારી સરકારોની છે ખરી ?

અમેરિકામાં ૧૯૨૯-૩૩ દરમ્યાન જે મહામંદી આવી તેમાંથી બહાર નીકળવા માટે તે સમયના રાષ્ટ્રપ્રમુખ ડી. રૂઝવેલ્ટ દ્વારા New Deal નામે એક પેકેજ ૧૯૩૩-૩૯ના સમયગાળા માટે જાહેર કરાયું હતું. તેમાં ત્રણ R-મુદ્દા હતા : બેકારો અને ગરીબોને રાહત (relief), અર્થતંત્રને પાછું સામાન્ય સ્તર

પર લાવવું (recovery) અને નાણાં વ્યવસ્થામાં સુધારો (reform). કોરોના મહામારીની કટોકટીના સંદર્ભમાં કેનેડાનાં વિદ્વાન નાઓમી ક્લેઈન એમ કહે છે કે આ કટોકટીને લીધે ઈતિહાસમાં એક ઉત્ક્રાંતિજનક કૂદકો મારવાની તક ઊભી થઈ છે અને તેને ઝડપી લેવાની જરૂર છે. તેઓ પર્યાવરણની હાલની ગ્લોબલ વોર્મિંગની કટોકટીને ધ્યાનમાં રાખીને કહે છે કે હવે સરકારોએ કે કેન્દ્રીય બેંકોએ ગઈ સદીના ગંદા ઉદ્યોગોને બચાવવાની જરૂર નથી, પણ તેને બદલે આપણને નવી સદીમાં સુરક્ષા તરફ લઈ જતા સ્વચ્છ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આને તેઓ Green New Deal કહે છે.

મહામંદી સમયે વિશ્વના તમામ દેશો અને લોકો, આજે જેટલા સઘન રીતે જોડાયેલા છે તેટલા જોડાયેલા નહોતા. સંચાર, પ્રવાસ અને પ્રવાસન પ્રેરિત વૈશ્વિકીકરણનો વાયરો એટલે ફૂંકાયેલો નહોતો પણ શું જેઓ નફાખોરીને જ ભગવાન સમજે છે તેઓ આ નવું કશું પણ દુનિયામાં થવા દેશે ખરા ? માનવજાતના ઈતિહાસમાં જે આઘાતો આવે છે તે ઘણી અફડાતફડી ઊભી કરે છે, તેમાંથી સ્થિરતા અને સાલસતા જન્મે તો જ એ આઘાત કામના. જે કારણ છે એને મારણ કઈ રીતે સમજાય ? ઝેર જ ઝેરનું મારણ છે એવી ગુજરાતી કહેવત કેટલી સાચી ?

જરા થોડા સવાલના જવાબ મેળવવાનો પ્રયાસ કરીએ. લોકો કોરોનાગ્રસ્ત ના થાય તે માટેનું ખર્ચ કરે છે કોણ ? વળી, કોરોનાગ્રસ્ત લોકોની સારવાર માટેનું ખર્ચ કરે છે કોણ ? આ બંને પ્રશ્નોના જવાબમાં સરકાર અને ખાસ કરીને ભારતમાં સરકારની સાથે સમાજ જ આવે છે, બજાર નહિ. એટલે કોરોના મહામારીએ ફરી એક વાર સાબિત કર્યું કે સામાજિક કરારથી ઊભી થયેલી એક સંસ્થા તરીકે રાજ્ય મનુષ્યની જિંદગી માટે કેટલી આવશ્યક સંસ્થા છે. મનુષ્યના જીવન અને જીવનનિર્વાહ માટે બજારની અનિવાર્યતા હોવા છતાં લોકોનું જીવન ટકાવવામાં બજાર કરતાં રાજ્ય અનેક ગણું વધારે સહાયરૂપ થાય છે.

૨૦૦૮માં જ્યારે અમેરિકામાં મંદી આવી અને તેનો ફેલાવો દુનિયામાં બધે થયો, ત્યારે પણ રાજ્ય જ મદદે આવ્યું હતું. મૂડીવાદી અર્થવ્યવસ્થા ધરાવનારા અમેરિકામાં બેકાર કામદારો, બંધ થઈ ગયેલી બૅંકો અને નાણાં સંસ્થાઓ તથા કારખાનાં ધરાવતી મોટી કંપનીઓ માટે ત્યાંની સરકાર અને કેન્દ્રીય બૅંક (ફેડરલ રિઝર્વ) સહારો બની હતી. બજાર નામના ભગવાન પર જ જો તે સમયે આધાર રાખવામાં આવ્યો હોત તો હજારો કે લાખોનાં મોત થઈ ગયાં હોત અને એ બૅંકો



અને નાણાં સંસ્થાઓ સહિત સમગ્ર અર્થતંત્ર તૂટી પડ્યું હોત. એટલે જ 'યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા'ને બદલે એ 'યુનાઈટેડ સોશ્યાલિસ્ટ અમેરિકા' (USA) થઈ ગયું એવો ટોણો પણ કેટલાકે તેને માર્યો હતો. માત્ર અમેરિકામાં નહિ પણ ભારત સહિતના જે દેશોમાં એ મંદીની અસર વર્તાઈ હતી તે બધા દેશોમાં સરકાર અને કેન્દ્રીય બૅંકોએ જ ધ્વસ્ત થતા અર્થતંત્રને અને મરતા લોકોને બચાવ્યાં હતાં. પ્રશ્ન એ છે કે જેમ ૨૦૦૮માં સરકારોએ અને કેન્દ્રીય બૅંકોએ મૂડીવાદી અર્થતંત્રને બચાવી લીધું હતું એમ અત્યારે કોરોના મહામારી ટાણે પણ તેઓ મહાકાય કંપનીઓને બચાવી લેશે અને નાના સાહસિકોને ખતમ કરશે ? ભારતમાં લૉકડાઉનના બીજા તબક્કામાં એક સપ્તાહમાં ઈ-કોમર્સ કંપનીઓને ધંધો કરવાની છૂટ મળે અને નાના છૂટક વેપારીઓને એવી રાહત ના મળે તે એમ દર્શાવે છે કે દેશના અર્થતંત્રને સરકાર ઑનલાઈન વેપાર કરતી મહાકાય કંપનીઓના શરણે લઈ જવા માંગે છે.

આંબેડકર જયંતીએ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રવ્યાપી પ્રવચનમાં સમગ્ર ભારતમાં લૉકડાઉન લંબાવતાં એમ કહ્યું કે, 'જો આપણે રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનને માત્ર આર્થિક દૃષ્ટિએ જોઈશું તો તે ચોક્કસપણે ખર્ચાળ નિર્ણય લાગશે. પણ મનુષ્યની જિંદગીના મહત્ત્વ સાથે તેની કોઈ તુલના થઈ શકે તેમ નથી.' અર્થતંત્ર કરતાં મનુષ્યની જિંદગી મહત્ત્વની છે જ. એનું કારણ એ છે કે અર્થતંત્ર કે બજાર મનુષ્યને માટે હોય, મનુષ્ય અર્થતંત્ર કે બજાર માટે ના જ હોય, ન હોવો જોઈએ. હવે આપણે આ શબ્દોને ખરેખરા કાર્યમાં પરિવર્તિત થતા જોવા છે કારણ કે કાર્ય સિવાયનો વિચાર તો ગર્ભપાત ગણાય અને જિંદગી તો છેવટે જિંદગી છે, ગર્ભમાં હોય કે બહાર ખુલ્લામાં, વિશ્વગુરુ બનવા થનગનાટ કરતું અને ધમપછાડા કરતું ભારત શું કોઈ નવો રાહ દુનિયાને ચીંધશે કે પછી એ જ મૂડીવાદી વૈશ્વિક રગશિયા ગાડામાં ફરી એક વાર બેસી જશે કે જેમાં બજાર તથા નફો ભગવાન છે અને રાજકીય સત્તા તેની ભક્તિ કરે છે ?

મૂડીવાદ બહુમતી પ્રજાનું માત્ર આર્થિક અને રાજકીય શોષણ જ કરે છે એવું નથી, એ ગરીબો અને વંચિતો તેમ જ શાંતિ અને અહિંસા પ્રત્યે અમીરોના દિમાગમાં નફરત પણ પેદા કરે છે. આ નફરતની દુનિયામાં પ્યાર શોધવો પડશે. સાહિર લુધિયાનવી કહે છે તેમ : 'नफरतों के जहानमें हमको प्यारकी बस्ती बसानी है, दूर रहना कोई कमाल नहीं, पास आओ तो कोई बात बने.'

*(વધુ આવતા અંકે...)*

## ૪. પ્રવૃત્તિ સરિતા

### ૪.૧ ગાંધી વિચાર અને સાહિત્ય વાચન શિબિર - રાજકોટ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સંસ્થા છેલ્લાં ૧૩ વર્ષથી અમદાવાદમાં અને આજુબાજુની શાળાઓમાં વાચન શિબિર કરે છે, જેમાં ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય છે. પરંતુ ગત શિબિરમાં નિવૃત્ત સરકારી કર્મચારીઓ અને સામાજિક કાર્યકરો વાંચન શિબિરમાં જોડાયા. ગુજરાત રાજ્ય પ્રૌઢ શિક્ષણ પરિષદ પણ આ કાર્યક્રમમાં ભાગીદાર બની. શિબિરમાં ૫૪ વ્યક્તિઓ હાજર રહ્યાં હતાં. શિબિરના સૂત્રધાર તરીકે ડૉ. જે. એમ. પનારા કે જેઓ ગુજરાત પ્રૌઢ શિક્ષણસંઘના ઉપપ્રમુખ છે અને સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટના રાષ્ટ્રીય સેવા યોજનાના પૂર્વ નિયામક છે તેમણે કામ કર્યું.

શિબિરના પ્રથમ સત્રમાં સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટના કુલનાયક શ્રી વિજયભાઈ દેસાણીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શિબિર દરમ્યાન ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિશે વિષય નિષ્ણાતો દ્વારા ચર્ચા કરવામાં આવી.

- જીવનમાં વાચનનું મહત્ત્વ - લોક વિજ્ઞાન કેન્દ્ર, રાજકોટના નિયામક ડૉ. રમેશભાઈ ભાયાણી એમણે ગાંધીજી અને માર્ટીન લ્યુથર કીંગના જીવનમાં પુસ્તકના પ્રભાવની ચર્ચા કરી અને એ નિમિત્તે આ બંને મહાનુભાવોને ગમતાં પુસ્તકોની વાત થઈ.
- ગાંધી સાહિત્ય - કણસાગરા મહિલા કૉલેજના પ્રૉફેસર પ્રા. યશવંતભાઈ ગોસ્વામીએ 'સત્યના પ્રયોગો' વિશે ચર્ચા કરી.
- ગુજરાતી ભાષા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના ડૉ. જે એમ. ચંદ્રાવાડિયાએ ગુજરાતી ટૂંકી વાર્તાનો ઇતિહાસ અને એના પર ગાંધીજીના પ્રભાવ વિશે ચર્ચા કરી. એમણે રા. વિ. પાઠકની બે વાર્તાની વિગતે ચર્ચા કરી.
- ગુજરાતી વિભાગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના ડૉ. બિપીનભાઈ આસરે સ્વ. ર. વ. દેસાઈની બે પ્રસિદ્ધ નવલકથા ગ્રામલક્ષ્મી અને દિવ્યચક્ષુની ચર્ચા કરી.
- ગુજરાતી વિભાગ સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટના ડૉ. દીપકભાઈ પટેલ
- આઈ.એન.ટી.ના નાટ્ય કલાકાર - શ્રીમતી નલિનીબહેન ઉપાધ્યાયે ગુજરાતી નાટકોની ચર્ચા કરી.



- ગુજરાતી ભાષાના નિવૃત્ત શિક્ષક - દ્વારકાના - શ્રી પ્રભાતભાઈ જાદવ

ઉપરોક્ત તમામ તજ્જ્ઞોએ પોતાના પ્રવચનમાં ગાંધીજીનો, વિષયવસ્તુ, રજૂઆત અને ભાષા પરનો પ્રભાવના સંદર્ભમાં ચર્ચા કરી. જે પુસ્તકોની ચર્ચા થઈ તેમાં અન ટુ ધી લાસ્ટ, સત્યના પ્રયોગો, બંદીઘર, કુરુક્ષેત્ર, દીપ નિર્વાણ, ઝેર તો પીધાં જાણી જાણી, લોહીનો રંગ લાલ, ભારેલો અગ્નિ, પ્રકાશનો પડછાયો, સત્ય, ગાંધીની કાવડ વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાય ગાંધીજી, મહાદેવભાઈ દેસાઈ અને ઇન્દિરા ગાંધીના પત્રો રજૂ થયા અને તેના પર ચર્ચા થઈ. રા. વિ. પાઠક અને મેઘાણીની ટૂંકી વાર્તા અને ખ્યાતનામ કવિઓની કવિતા જેવી કે વાણિયો, ચાકડો, રોતી જનેતા, ચુંદડી, મોહનને ત્રાજવે વગેરેનું રસપાન કરાવ્યું.

આ ઉપરાંત ભાગ લેનાર શિબિરાર્થીઓની સાહિત્યને લગતી ચાર સ્પર્ધાઓ પણ કરવામાં આવી હતી, જેમાં જેણે ભાગ લીધો હતો. ગદ્યવાચનમાં-૧૨, કાવ્ય પઠનમાં-૧૩, પુસ્તક પરિચયમાં-૧૨ અને વાર્તા સારમાં-૧૧.

શિબિરના સમાપનમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટના શ્રી કલાધર આર્ય ફૂલછાબના તંત્રી શ્રી કૌશિકભાઈ મહેતા પધાર્યા હતા. મહાનુભાવોના હસ્તે વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યાં. એમણે જણાવ્યું કે આપણા માટે આ શિબિરનો અંત નથી, પણ શરૂઆત છે અને તેને જીવંત રાખવું આપણી સૌની જવાબદારી છે. આ વાચન શિબિરમાં જોડાનાર તમામને લાગ્યું કે આવી શિબિરો વારંવાર થવી જોઈએ. એનાથી મનમાં તાજગી આવે છે.

### ૪.૨ માતૃભાષા દિનની ઉજવણી

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સંસ્થા દ્વારા ચાલતી અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિમાં છેલ્લાં બે વર્ષથી સંસ્થા તરફથી તા. ૨૧મી ફેબ્રુઆરીએ માતૃભાષા દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો અમદાવાદ શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કરે છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ માતૃભાષાના મહત્વને સમજે, એનો વધુ ઉપયોગ કરે અને એનું ગૌરવ સાચવી શકે તે છે. આ માટે આ વર્ષે અમદાવાદની ચાર માધ્યમિક શાળામાં આ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં (૧) જી. ડી. એજ્યુકેશન - સૈજપુર (૨) KGK વિદ્યાલય, કુબેરનગર (૩) વિશ્વ વિદ્યાલય - અસારવા (૪) સરસ્વતી વિદ્યાલય - સરસપુરનો સમાવેશ થાય છે. દરેક શાળામાંથી ૪૫ થી ૫૫ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ચારેય શાળામાં આવો કાર્યક્રમ પ્રથમવાર થઈ રહ્યો હતો,

તેથી આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, આચાર્ય તેમજ શિક્ષકોએ ખૂબ ઉત્સાહ બતાવ્યો હતો.

માતૃભાષા દિન નિમિત્તે ઉત્તમ ગુજરાતી સાહિત્યનો છોકરાઓને પરિચય થાય એ ખ્યાલથી સરસ્વતીચન્દ્ર, માનવીની ભવાઈ, મળેલા જીવ અને દીપનિર્વાણનો રસાસ્વાદ કરાવ્યો હતો. ત્યારબાદ જે તે નવલકથામાં આવતા પાત્રોને વિદ્યાર્થીઓએ નાટકીય રૂપાંતર આપી ભજવ્યા. માતૃભાષાનું મહત્ત્વ શું છે તેની સમજ આપતા પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લેવું કેમ જરૂરી છે, માતૃભાષા એ જ શિક્ષણનું શ્રેષ્ઠતમ માધ્યમ કેમ છે, તેના વિશે ચર્ચા કરવામાં આવી. બાળકનું મન ઘડા જેવું હોય છે એને જેમ ઘડો તેમ ઘડાય. ઘડામાં ખૂબી નથી, પણ ઘડનારમાં છે. બાળકની નિખાલસતા જાળવવાની જવાબદારી માતા-પિતાની છે. બાળકના તેના સંપૂર્ણ વિકાસ માટે અને સંસ્કારો મજબૂત બને તે માટે માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઈએ. બાળકો પોતાની ભાષામાં સંવાદ પણ સારી રીતે કરી શકે છે. જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંત શાહના શબ્દોમાં બાળકોના ઉછેરમાં માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે. ગર્ભકાળ દરમ્યાન માતાના વર્તન, વ્યવહાર, જીવનશૈલી અને આસપાસના વાતાવરણનો બાળક પર ઘણો પ્રભાવ પડે છે. જન્મબાદ બાળકના કાને પડતી ભાષા ગ્રહણ કરવામાં અત્યંત કુશળ હોય છે. બાળક જ્ઞાનને ઝડપથી ઝીલે છે. જ્યારે બીજી ભાષાનો ઉપયોગ શિક્ષણમાં થાય ત્યારે બાળક મૂંઝાય છે, મૂરઝાય છે. લઘુતાગ્રંથિનો ભોગ બને છે.

ઉપર સમજાવ્યા બાદ એ વિશે ચર્ચા કરી અને જે વિદ્યાર્થીઓ ગુજરાતી માધ્યમમાં ભણે છે તેમને સમજ આપી કે તમારે ગુજરાતી ભાષામાં અભ્યાસ કરો છો તેનો અફસોસ કરવાની જરૂર નથી તેને બદલે ગૌરવનો અનુભવ કરવો.

આ સિવાય જેઓએ પોતાની માતૃભાષામાં અભ્યાસ કરી નામના મેળવી હતી તેવા કેટલાક મહાનુભાવોના ઉદાહરણો સાથે વાત કરી કે તેમને માતૃભાષાને લીધે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે, જેમાં 'ગીતાંજલિ' કાવ્ય સંગ્રહ માટે નોબલપ્રાઈઝ પ્રાપ્ત કરનાર કવિવર રવિન્દ્રનાથ ટાગોર, અર્થશાસ્ત્ર માટે નોબલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ડૉ. અમર્ત્યસેન, જે માતૃભાષા બંગાળીમાં ભણ્યા હતા, વિજ્ઞાનક્ષેત્રે નોબલ પુરસ્કાર જીતનાર ડૉ. સી. વી. રામને પ્રા. શિક્ષણ માતૃભાષામાં જ લીધું હતું, વિખ્યાત અણુવિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે પણ પોતાની માતૃભાષામાં જ અભ્યાસ કરી નામના મેળવેલ તથા



વિશ્વભરમાં પોતાનું નામ રોશન કરનાર અવકાશયાત્રી કલ્પના ચાવલા અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે માતૃભાષામાં જ શિક્ષણ લીધું હતું. ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણી અને શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ગુજરાતી માધ્યમમાં જ ભણ્યાં હતા. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી પણ પોરબંદરની ગુજરાતી શાળામાં જ ભણ્યા હતા અને તેમણે માતૃભાષા વિશે પોતાના વિચારો જણાવતા લખ્યું છે કે માતાના ધાવણ સાથે જે સંસ્કાર અને મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ તે બીજીભાષામાં કેળવણી લેવાથી તૂટે છે. માતૃભાષાનો જે અનાદર આપણે કરી રહ્યાં છીએ તેનું ભારે પ્રાયશ્ચિત આપણે ભવિષ્યમાં કરવું પડશે.

છેલ્લે માતૃભાષાનું ગૌરવ વધારવા માટેના પ્રયાસ રૂપે દરેક વિદ્યાર્થી પાસે પ્રતિજ્ઞા લેવડાવી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

### ૪.૩ ધ્વજવંદન

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સંસ્થા દ્વારા એના કાર્યકરો અને આજુબાજુના લોકો માટે દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૬-૧-૨૦૨૦ના પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ શૌર્યગીતો શરૂ થતાં સંસ્થાનું વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. આ વર્ષે સંસ્થાના ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી મયંકભાઈ ઉપાધ્યાયના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખ, Experiment in International livingના અમદાવાદ ઝોનના અધ્યક્ષ શ્રીમતી મયૂરીબહેન ઠાકોર તથા એ સંસ્થાના ભાઈ-બહનો હાજર હતા. ઉપરાંત સંસ્થાના તમામ સેવકો તથા ગૂજરાત વિદ્યાપીઠના કેટલાંક વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

### ૪.૪ પ્રૌઢશિક્ષણ સામે કોવિડ-૧૯ના સંદર્ભમાં નવા પડકારો

### Adult learning and education centre to responding under Covid-19

ASPBAE (Asia South Pacific Association of Basic & Adult Education) તરફથી તા. ૨૯ મે, ૨૦૨૦ના રોજ કોવિડ-૧૯ના સંદર્ભમાં પ્રૌઢ શિક્ષણના વધેલા મહત્ત્વ ઉપર એક વેબિનાર થયો. આ વેબિનારમાં કોવિડ-૧૯ની સ્થિતિમાં શિક્ષણને કેન્દ્રસ્થ, કરવાની વ્યૂહરચના પર ચર્ચા કરવામાં આવી, જેમાં મુખ્યત્વે નીચેના ત્રણ મુદ્દાઓ પર ચર્ચા થઈ :

૧. કોવિડ-૧૯ના સંદર્ભમાં, નવા કયા આયામો પર પરિવાર અને સમાજની કક્ષાએ શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ છે ?

૨. ડિજિટલ ટેક્નોલોજીના વધેલા ઉપયોગથી પ્રભાવિત અને મુખ્ય પ્રવાહની બહારના સમુદાયો માટે ડિજિટલ અને પ્રત્યાયન ટેક્નોલોજીમાં કેવા પ્રકારના Innovations જરૂરી છે ?

૩. કોવિડ-૧૯ના સંદર્ભમાં સમુદાય કે પ્રૌઢ શિક્ષણના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓના કાર્યક્રમો પર શી અસર થશે ?

આ ત્રણે મુદ્દાને ધ્યાનમાં રાખી શરૂઆતમાં શ્રી રાજેશ ટંડને વિષયને ખુલ્લો મૂકતાં કહ્યું કે કોવિડ-૧૯ અને એના સંદર્ભમાં થયેલ લૉકડાઉને લોકોના વર્તનને સમજવાનો એક મોટો પડકાર આપણી સમક્ષ મૂક્યો છે. કોમ્પ્યૂટર અને ડિજિટલ ટેક્નોલોજીના વધતા મહત્ત્વને લીધે ગરીબ અને સમાજનો નીચલામાં નીચલો વર્ગ જાણતા અજાણતા બહિષ્કૃત થઈ જાય છે. આપણે શિક્ષણના માધ્યમ સિવાય આ પરિસ્થિતિને બદલી શકીએ એમ નથી.

આ વેબિનારમાં ASPBAEના મંત્રી કુ. મારીઆ લોર્ડેસ, મહિલા શાસિત પરિવારોના સશક્તીકરણ માટે કામ કરતી ઈંડોનેશિયાની સંસ્થા PEKKAના નિયામક અને DVV Internationalના નાયબ નિયામકે સંબોધ્યા હતા અને અનેક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આખી ચર્ચામાં એ સ્પષ્ટ થયું કે કોરોના મહામારી જેવા બનાવો સામે લડવાની વ્યૂહરચના સ્થાનિક પરિબળોના આધારે જ ઘડી શકાય. પણ વિકસતા દેશોમાં કેટલાંક લોકો શિક્ષણમાં homogenisation ને જાણતાં અજાણતાં ટેકો આપી રહ્યાં છે, જે શિક્ષણને નબળું બનાવે છે. શિક્ષકોની તાલીમની આવશ્યકતા પણ આ નવા સંજોગોમાં વધે છે એમને બદલાતી શિક્ષણ વ્યવસ્થા માટે તૈયાર કરવા પડશે. આ નવી Online શિક્ષણ પદ્ધતિમાં બાળકોની ભાગીદારી કઈ રીતે વધારવી તે પણ એક અત્યંત મહત્ત્વનો મુદ્દો છે. આ ઉપરાંત પણ ઘણા કાર્યક્રમો પર ચર્ચા થઈ અને લગભગ બધાએ પ્રત્યક્ષ શિક્ષણની આવશ્યકતા પર ભાર મૂક્યો છે. શિક્ષણ વ્યવસ્થામાં ફેરફારો માટે મા-બાપ અને સમુદાયોને સજ્જ કરવાનું કામ આવનાર દિવસોમાં મહત્ત્વનું રહેશે કારણ એમની સજ્જતા વગર શિક્ષણમાં કોઈ અસરકારક બદલાવ નહીં આવી શકે.

### ૪.૫ JSDP સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમ

ગત ૧૭ માર્ચ, ૨૦૨૦ના રોજ દિલ્હીમાં KASના સહયોગથી એમના કાર્યાલયમાં JSDP નેટવર્કના સભ્ય સંસ્થાઓના નિયામકો સાથે એક મિટિંગ થઈ. આ મિટિંગમાં લગભગ ૧૩ સંસ્થાઓના નિયામકો હતા. કોરોનાના



વધતા જતા ભયની ઉપસ્થિતિમાં આ મિટિંગ મળી હતી. આથી કેટલીક સંસ્થાઓ હાજર રહી શકી ન હતી.

આ મિટિંગનો હેતુ JSDP ૨૦૨૦ માટે વિષય, સ્થળ અને સમય નક્કી કરવાનો હતો. યુવક વિકાસ ટ્રસ્ટે આ કાર્યક્રમની વ્યવસ્થા કરવાની જવાબદારી લીધેલ હતી એટલે સભાનું સંચાલન યુવક વિકાસના અને ભારતીય સમુદાય શિક્ષણ સંઘના ટ્રસ્ટી મંદાબહેન પરીખે કર્યું.

શરૂઆતમાં દર વખતની જેમ દરેક સંસ્થાએ પોતાની પ્રવૃત્તિઓનો ખ્યાલ આવ્યો અને ખાસ કરીને ગઈ JSDP-૨૦૧૯ પછી કરેલ પ્રવૃત્તિઓની વાત કરી. દેશમાં પ્રવર્તતી આર્થિક મંદીને લીધે મોટા ભાગની સંસ્થાઓનો કાર્યક્રમોમાં, ખાસ કરીને સરકારી સહાયથી ચાલતા કાર્યક્રમોમાં ઘટાડો થયો છે.

ત્યારબાદ JSDP માટે વિષયની ચર્ચા થઈ. કોરોનાની આફત, સુશાસન, ટકાઉ વિકાસનાં ધ્યેયો અને લોકશાહીની મૂળભૂત વિભાવના વગેરે જેવા વિષયો પર ચર્ચા થઈ. ટ્રસ્ટીશ્રી મંદાબહેને, ભારતની લોકશાહીના બદલાતા સ્વરૂપ અને એ બાબતે સ્પષ્ટ સમાજના અભાવ તરફ સહુનું ધ્યાન દોર્યું. એમણે કહ્યું કે પ્રવર્તમાન પરિસ્થિતિમાં જ્યારે લોકશાહીમાંથી લોકોની બાદબાકી થઈ રહી છે ત્યારે આપણું બંધારણ, લોકશાહીની વિભાવના અને પ્રજાની એમાં ભાગીદારીને લઈને ચર્ચા થવી જોઈએ. આખરે Democracy, Constitution and Peopleને મુખ્ય વિષય તરીકે પસંદ કરવામાં આવ્યો.

આવતી JSDP ઉદેપુરમાં ઑક્ટોબર દરમ્યાન કરવાનું નક્કી થયું. પણ કોરોના મહામારીને લીધે ઊભી થયેલ અનિશ્ચિતતાથી KASની સાથે રહી યુવક વિકાસ ટ્રસ્ટ તારીખો નક્કી કરે એમ ઠરાવવામાં આવ્યું.

આઈન્સ્ટાઈને જે સમયગાળા દરમ્યાન વિજ્ઞાન અને અહિંસાનો સામાજિક સંદર્ભ સ્થાપવા પ્રયત્ન કર્યો તે જ ગાળા દરમ્યાન ગાંધીજીએ અહિંસાનો સામાજિક સંદર્ભ સિદ્ધ કરી યુગ પ્રવર્તક કામ કર્યું છે.

**- રામલાલ પરીખ**

ગાંધીજી માટે સત્યની ખોજ મુખ્ય અને અહિંસા સાધન હતી. આઈન્સ્ટાઈન માટે જગત-સત્યની ખોજ મુખ્ય હતી અને વિજ્ઞાન એનું સાધન હતું.

**- રામલાલ પરીખ**

## ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

### ૫.૧ વક્તૃત્વ સ્પર્ધા - અહેવાલ

યુવક વિકાસ ટ્રસ્ટ અને મહાદેવભાઈ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે છેલ્લાં પાંચ વર્ષથી ૩૦ જાન્યુઆરીએ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં કરવામાં આવે છે. ચાલુ વર્ષે 'ગાંધી : ૧૫૦મા વર્ષે' વિષય પર આ સ્પર્ધા થઈ. જેમાં માણસા, આણંદ, સાદરા, કડી અને અમદાવાદ થઈને કુલ ૩૪ કૉલેજોમાંથી ૧૧૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધા બે રાઉન્ડમાં થઈ, જેના પ્રથમ રાઉન્ડમાં સ્પર્ધકોને પાંચ ગ્રૂપમાં વહેંચવામાં આવ્યા. બે-બે નિર્ણાયકો-તમામ ગ્રૂપમાં હતા અને ગ્રૂપમાંથી પ્રથમ ત્રણ નંબરે આવનાર સ્પર્ધકોને બીજા રાઉન્ડમાં બોલાવવામાં આવ્યા હતા. બીજા રાઉન્ડમાં ૧૫ સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામપાત્ર જાહેર કર્યા હતા.

| અનં. | વિજેતાનું નામ | કૉલેજનું નામ | ઈનામની રકમ |
|---|---|---|---|
| ૧. | નિશિ શાહ | એચ. એલ. કોમર્સ કૉલેજ, અમદાવાદ | રૂ. ૨૦૦૦/- |
| ૨. | સોનાલી શ્રીવાસ્તવ | એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | રૂ. ૧૫૦૦/- |
| ૩. | આયુષી શ્રીવાસ્તવ | એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | રૂ. ૧૦૦૦/- |

ત્રણે વિદ્યાર્થી મિત્રોને અભિનંદન. બીજા રાઉન્ડમાં ૧૫ સ્પર્ધકોએ કરેલી રજૂઆતમાં નીચેના મુદ્દા-મંતવ્યો ધ્યાન ખેંચે છે :

- રચનાત્મક કાર્યો દ્વારા દેશમાં ધરમૂળથી ફેરફાર કરવાનો આગ્રહ ગાંધી વિચારમાં છે જે આજે પણ જીવંત છે અને એટલો જ મજબૂત છે. તેથી જ ગાંધી હયાત છે.
- ગાંધીજીના વિચારો આજે તો છે જ, એ આવતી કાલે પણ રહેશે અને હંમેશાં રહેશે. એટલું જ નહિ એમના વિચારોને લઈને આપણે પર્યાવરણ, બેરોજગાર અને આતંકવાદ જેવી સમસ્યાઓ ઉકેલી શકીશું પણ એ માટે આપણે પોતે ગાંધી બનવું પડશે.
- ગાંધીજી હંમેશાં માનવતાને મહત્ત્વ આપતા જ્યારે આપણે માનવતાને પાછળ છોડી દીધી છે. માનવ ધર્મ સૌથી ઊંચો છે જે આપણે ગાંધીજીના ચરખામાં, અહિંસામાં અને સત્યમાં જોઈ શકીએ છીએ.



- સમાજમાં પરિવર્તન લાવવું હોય તો શિક્ષણ ખૂબ જ મહત્ત્વનું છે અને તે માટે જ ગાંધીજી શિક્ષણ ઉપર ભાર મૂકતા.
- ગાંધીજીએ જીવન જીવવાની રીત તેમના એકાદશ વ્રતોથી સમજાવી છે.
- સ્વસ્થ જીવન એ જ ખરી સંપત્તિ છે, પર્યાવરણ સાથે સંવાદિતાથી જીવવાનો સંદેશ ગાંધીજીએ આપ્યો હતો.
- આજની શિક્ષણનીતિ જોઈને એવું લાગે છે કે નઈ તાલીમની જરૂર છે. નઈ તાલીમ દ્વારા જ દેશમાં વિદ્યાર્થીઓને વ્યવસ્થિત શિક્ષણ આપી શકાશે.
- આપણને ગાંધીજીએ બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિ બંને આપી.
- આપણને જીવવા માટે જેટલો શ્વાસ જરૂરી છે તેટલો જ જરૂરી ગાંધી વિચાર પણ છે.
- ગાંધી વિચારની વાતો જેટલી થાય છે એટલી તો કૃષ્ણની પણ થતી નથી.
- ગાંધી આપણને તેમના ચશ્માં, લાકડી, ઘડિયાળ, સફેદ વસ્ત્રો અને નિયમિતતા વગેરેમાં કોઈને કોઈ સંદેશો આપે છે અને તેમના વિચારને આપણે મસીહા બનાવી શકીએ તો આપણું જીવવું સાર્થક થાય.
- ગાંધીજીના લોકશાહીના વિચારો એટલે અહિંસાના ખ્યાલો, દરેક વ્યક્તિની જ્યાં ભાગીદારી હોય, ઊંચ નીચના ભેદભાવ ન હોય, રાષ્ટ્રવાદ અને માનવતાવાદની વાત હોય, કૃષિ અને ગૃહ ઉદ્યોગોને પ્રાધાન્ય હોય.
- ગાંધીવિચાર ગામડાંઓ મજબૂત બને અને છેવાડાના માનવીને તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ મળી રહે તેમાં નિહીત છે. પણ ગામડાં ખાલી થતા જાય છે અને શહેરીકરણ વધતું જાય છે. બાપુએ વર્ષો પહેલા આજની આ પરિસ્થિતિ જોઈ લીધી હતી.
- આજનું યુવાધન મોબાઈલમાં વેડફાઈ રહ્યું છે અને તેઓ આગળ આવવા માટે કંઈ પણ કરતા ખચકાતા નથી, સમગ્ર જાહેર સંપતિનો બેફામ ઉપયોગ કરવા લાગ્યા છે. આ ગાંધી વિચારોથી બિલકુલ વિપરીત છે.
- ભારતમાં અનેક ધર્મ છે, મુશ્કેલી છે છતાં ભારત ચાલે છે કેમ કે ગાંધી વિચારનું ઈંધણ છે. એને માટે જ ૧૫૦ વર્ષે આપણને આપણા વડીલો યાદ નથી, પણ ગાંધી યાદ છે. ૨૧મી સદી ટૅક્નોલોજીનો ઉપયોગ કરશે. પરંતુ માનવજીવન વ્યવસ્થિત જીવવું હોય તો ગાંધી વિચારનો ઉપયોગ કરવો જરૂરી છે.

સમાપનમાં અંતે મહાદેવભાઈ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્ય શ્રી કનુભાઈ નાયકે આશીર્વચન આપતા જણાવ્યું કે આજની યુવા પેઢી ગાંધીને વાંચે, વિચારે અને રજૂ કરે એ મહત્ત્વની વાત છે. આજે વિકાસની

**(અનુસંધાન પૃ.૨૬ પર...)**

## ૬. પુસ્તક પરિચય

પુસ્તકનું નામ : લાઈટ ટુ લાઈફ
Light to Life
લેખક : શ્રી પરીક્ષિત જે. દિવેટીઆ
પ્રકાશક : શ્રી પરીક્ષિત જે. દિવેટીઆ
૪૧૧/૧ સરખેજ - ગાંધીનગર રોડ,
ગોતા ક્રોસ રોડ પાસે, પંજાબ નેશનલ બૅંક પાસે,
ગોતા, અમદાવાદ - ૩૮૨૪૮૧
પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦

સંસ્થાના પ્રમુખ શ્રી પી. જે. દિવેટીઆએ આત્મકથા સ્વરૂપે લખેલ આ પુસ્તક એમની સાંસારિક અને આધ્યાત્મિક સફર વચ્ચેના સુંદર સમન્વયની વાત છે. પુસ્તકનો પ્રારંભ થાય છે એમના કુટુંબના ઈતિહાસથી અને ખૂબ જ ટૂંકમાં બાલ્યાવસ્થા અને વિદ્યાર્થીવસ્થાની વાત શરૂઆતમાં એમણે કરી છે.

તૂટતી જતી કુટુંબપ્રથાના સમયમાં તેમને એક સુગ્રથિત પરિવાર મળ્યો તેને તેઓ સદ્‌ભાગ્ય માને છે. માતા-પિતાના પ્રેમની અસર ભાઈ-બહેનો વચ્ચેના સંબંધો પર પણ પડે છે. પિતા સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા એટલું જ નહીં પણ સંસ્કૃત સાહિત્યના ચાહક હતા. એમનું જોઈ લેખક પણ સંસ્કૃતના ચાહક બન્યા. ગીતા ઉપનિષદ વગેરેનો બાળપણથી જ પરિચય થયો.

સી.એન.વિદ્યાલયમાં ભણ્યા ત્યાં પણ સવારની પ્રાર્થનામાં વેદોના શ્લોકો બોલાતા. અનેક વિદ્વાન કેળવણીકારોની મુલાકાતો પણ ત્યાં થઈ. આ બધાના લીધે આધ્યાત્મિક વાતોમાં પહેલેથી જ રસ પડ્યો. અમેરિકાના વસવાટ દરમ્યાન શ્રી જી. એલ. મહેતા અને એમના પત્ની સૌદામિનીબહેન, શ્રી જી. વી. માવલંકર, શ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવા મહાનુભાવોને મળ્યા. પરદેશ જતાં ગભરાતા લેખકમાં સ્ટીમરમાં બેસતા જે હિંમત આવી તે હિંમત એમની હંમેશની સાથીદાર રહી અને મોટા માણસો સાથે સહજપણે મિત્રતા કરવાની ક્ષમતા એમાંથી ઊભી થઈ.

ભારત આવી શ્રી એચ.એન.પટેલને મળી રીસર્ચ ઓફિસર તરીકે એગ્રિકલ્ચર ડિપાર્ટમેન્ટમાં જોડાયા. ત્યારબાદ ડેપ્યુટી ડાયરેક્ટર, બ્યુરો ઑફ ઈકોનોમિક્સ અને સ્ટેટેસ્ટિક્સ, ગવર્નમેન્ટ ઑફ બોમ્બેમાં જોડાયા. થોડા વખત ડાયરેક્ટર પણ થયા. નાની ઉંમરે સરકારમાં ઉચ્ચ હોદ્દાની જવાબદારી સહજ રીતે નિભાવી. ગુજરાત અને મહારાષ્ટ્રનું વિભાજન તેમજ અન્ય પરિસ્થિતિઓનું



નિર્માણ થતાં સરકાર છોડી અને ત્યારે નવી જ સ્થપાયેલી ICICI Ltd. (Industrial Credit and Investment Co. of India) માં જોડાયા.

આ ગાળામાં સમાજસેવાના ક્ષેત્રે કામ કરવામાં રુચિ ધરાવતા નંદિનીબહેન સાથે લગ્ન કર્યા. નંદિનીબહેનને પણ આધ્યાત્મિક જીવન પ્રત્યે ખૂબ લગાવ હતો. આથી એમની આધ્યાત્મિક સફર નંદિનીબહેનના આવવા સાથે વધારે દઢતાથી અને ઝડપથી આગળ વધી.

દિવ્યાંગ બાળકો પ્રત્યે તેમના પત્ની નંદિનીબહેનને અપ્રતિમ લગાવ હતો. તેમણે માનસિક રીતે મંદ બાળકોને હુન્નર શીખવવા સોસાયટી ફોર વોકેશનલ રીહેબીલિટેશન ઑફ રિટાર્ડેડ નામે સંસ્થા ઊભી કરી લેખકે તેમના આ કામમાં સંપૂર્ણ સહકાર આપ્યો. ૪૨ વર્ષની ઉંમરે ICICI પણ છોડી અને પોતાની કન્સલ્ટન્સી કંપની કરી અને એનું નામ ‘પ્રણવ’ (સદા નવીન, સદા પ્રેરણાત્મક) રાખ્યું. જીવનમાં અનેક મિત્રો મળ્યા. પાછલાં વર્ષોમાં ડૉ. કરણસિંહ સાથે એમને અનોખી મૈત્રી થઈ અને એ એમના જીવનની ધન્યતા બની ગઈ.

૨૦૦૧માં એમના પત્ની નંદિનીબહેનનું અવસાન થયું. આ અવસાનના ખાલીપાને એમણે એમની આધ્યાત્મિકતાથી પૂર્યો. પરમહંસ યોગાનંદના શિષ્યા દયામાતાજી પાસે બંનેએ દીક્ષા લીધેલી હતી અને ક્રિયાયોગ દ્વારા સાધનાનો એમનો અભ્યાસ હતો. આ વર્ષોમાં એમને અહેસાસ થાય છે કે ‘Love is the law of my life’ જીવનને એમણે પ્રેમથી ભરી દીધું.

પૂર્વજોનો સાંસ્કૃતિક વારસો, માતા-પિતા અને કુટુંબનો પ્રેમ, ઈશ્વર અને ગુરુ પ્રત્યે અપાર ભક્તિ, કૃતજ્ઞતા, સાહસ, પ્રસન્ન દામ્પત્ય અને સમાજના નબળા વર્ગો તેમજ દિવ્યાંગો પ્રત્યે અનુકંપાના ઉદાહરણ સમું આ ટૂંકમાં અને સરળ રીતે લખાયેલું જીવન ચરિત્ર દરેક વાચકને ગમે એવું છે.

---

**(...અનુસંધાન પૃ.૨૪નું ચાલુ)**

પારાવાર યાતનાઓમાંથી આપણે પસાર થઈ રહ્યાં છીએ અને હિંસા પાછળ અઢળક રૂપિયા ખર્ચાઈ રહ્યાં છે ત્યારે આચરણ માટે તો નાનો સંકલ્પ તમે લેશો. તો આ આયોજન સફળ થશે. આને પૂર્ણ વિરામ ન મૂકતાં શરૂઆત ગણજો. આ સ્પર્ધકોમાંથી નવું ગાંધી કુટુંબ બને તેવી આશા રાખું છું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે, શ્રી નિરંજભાઈ શાહ, ડૉ. કવિતાબહેન પટેલ, ડૉ. ડંકેશભાઈ ઓઝા, ડૉ. માલતીબહેન મહેતા, શ્રી રવીન્દ્રભાઈ ખાંડવાલા, શ્રી મનુભાઈ ચૌધરી, શ્રી રુચા બ્રહ્મભટ્ટ, શ્રી રાઘવજી માધવ, શ્રી શશાંકભાઈ મહેતા અને શ્રી નૂતનબહેન ડામોરે સેવાઓ આપી હતી.

(અનુસંધાન પૃ.૨ નુ ચાલુ...)

ઘડાતા ભલે વર્ષો જાય પણ એનો નાશ થતા વાર નથી લાગતી. ICUની એક પથારી યુવાનને આપવી કે વૃદ્ધને એ પ્રશ્નનો જવાબ આપવો અઘરો છે અને માણસોને ક્યાં તો હિંસા તરફ લઈ જાય અથવા હતાશા તરફ. એટલે એક બાજુ આરોગ્યનું સંકટ, બીજી બાજુ આર્થિક અને ત્રીજી બાજુ સામાજિક સાંસ્કૃતિક સંકટ. જે માનવતા માનવ સંસ્કૃતિએ વર્ષોથી સાચવી છે, તે માનવતા હતાશા-નિરાશામાં અટવાઈ ન જાય તે જોવું પડશે અને આ તો જ શક્ય બનશે જો દેશ આખો એક થશે અને આપણી લોકશાહી વ્યવસ્થા, આપણું નાગરિક-સ્વાતંત્ર્ય જળવાઈ રહેશે. સરકારે અત્યારે બધાને સાથે લઈને નીચેના ત્રણ પ્રશ્નો વિષે ગંભીર વિચાર કરવાની જરૂર છે.

૧. આ મહામારી સામે લડવા માટે ફંડ ક્યાંથી કેટલું મેળવવું ? દાનમાં મળતી સહાય ઉપયોગી છે પણ એથી વધારે જરૂરી અંદાજપત્રીય સંસાધનોમાંથી જાહેર આરોગ્ય માટે ક્યાં અને કેટલાં નાણા ફાળવી શકાશે એ જોવાનું છે. એ નાણાં દ્વારા કઈ રીતે નાના કસબાઓ, શહેરોમાં આરોગ્યની સુવિધાઓ ઊભી કરી શકાશે. આપણી સંશોધન ક્ષમતા કઈ રીતે વધશે, એ માટેની માળખાગત સુવિધાઓ કેમ ઊભી કરવી, વગેરે સવાલો પર સરકારે બધાના પરામર્શનમાં રહી એક ચોક્કસ આયોજન કરવું જોઈએ અને એના પર જાહેર ચર્ચાઓ થવી જોઈએ.

૨. અસમાનતા અને કટોકટીમાં ઊભી થતી વિષમતાઓ વચ્ચેના સંબંધને પણ ખોલીને સમજવાની જરૂર છે. રાહત માટેના પેકેજ ભલે તૈયાર થાય અને અપાય એ જરૂરી પણ છે પણ એ બધામાં મૂળ વાત Bottom of the Pyramidનો આપણા આયોજનમાં, આપણી નીતિઓમાં કઈ રીતે સમાવેશ કરવો એ છે. બીજા શબ્દોમાં જાહેરનીતિમાં કલ્યાણના ખ્યાલનો કઈ રીતે સમાવેશ કરવો એ આપણી સમક્ષનો મોટો પડકાર છે.

૩. લૉકડાઉનથી જે આર્થિક નુકસાન થયું છે, દરેક સ્તરે અને દરેક ક્ષેત્રમાં, એને ભરપાઈ કઈ રીતે કરી શકાય ? કઈ રીતે અર્થતંત્ર ફરીથી ચાલુ કરી શકાય અને ૧૦ ટકા કે વધારે રાષ્ટ્રીય આવકમાં જે ઘટાડો થયો છે ત્યાંથી આપણે પાછા કઈ રીતે વિકાસ તરફ વળી સાચા વિકાસ તરફ જઈ શકીએ ? કોરોનાએ આપણી ઘણી વ્યવસ્થાઓને કડડભૂસ કરી છે. ઉપરના ત્રણ સવાલોના જવાબ જનતાની ભાગીદારી વગર મળવાના નથી. પ્રૌઢ શિક્ષણ અને સમુદાય શિક્ષણની સંસ્થાઓએ શિક્ષણની મદદથી આ પ્રશ્નો ઉકેલવાના રાહ શોધવાના છે અને બધાને એમાં સામેલ કરવાના છે. **- મંદા પરીખ**



## વાચકોને વિનંતી

*૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો **વ્યક્તિગત આજીવન** સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-, **સંસ્થા** અથવા **યુનિવર્સિટી** માટેની સભ્ય ફી રૂ.૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.*

*૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર '**યાત્રાપથ**'માં આપનો પરિચય સમાવી શકાય.*

*૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા 'યાત્રાપથ'ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે. '**યાત્રાપથ**'નું **વાર્ષિક લવાજમ** માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.*

*૪. '**યાત્રાપથ**' વિશે આપના **પ્રતિભાવો** પણ અમને જરૂરથી લખી મોકલશો.*

***-તંત્રી***

**યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007**
**Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office**

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014
Published at Ahmedabad.

Editor : Manda Parikh

**વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-**
**પ્રતિ નકલ : રૂ. ૧૫/-**

Year : 13 Issue No. 2-3
January - March - 2020
April - June - 2020

**YATRAPATH**
**INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION**
OFF ASHRAM ROAD, NAVJIVAN PRESS ROAD, AHMEDABAD-380014